# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી હસ્તકની કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલયમાં ખાલી રહેલ બેઠકોમાં પ્રવેશ માટેની જાહેરાત

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી હસ્તકની કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, જુનાગઢ માં ચાલતા સ્નાતક કક્ષાના બી.ટેક. (કૃષિ ઇજનેરી) અભ્યાસક્રમમાં પ્રવેશ પાત્રતા ધરાવતા ધોરણ ૧૨ (A,B અને AB) ગ્રૂપ સાથે ગુજકેટ-૨૦૨૫ માં ઉતીર્ણ થયેલ / પૂરક પરીક્ષામાં ઉતીર્ણ થયેલ ઉમેદવારો કે જેઓએ પ્રવેશ માટે અગાઉ ફોર્મ ભરેલ હોય / ભરેલ ન હોય તેવા પ્રવેશ ઇચ્છુક વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન ખાલી રહેલ સીટો રૂબરુ કાઉન્સેલિંગ દ્વારા તા. ૧૭-૧૦-૨૦૨૫ ના રોજ સવારે ૦૮-૦૦ કલાકે કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી કોલેજ, જૂ.કૃ.યુ., જૂનાગઢ ખાતે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ તમામ જરૂરી અસલ પ્રમાણપત્રો અને તેની બે નકલ સાથે હાજર રહેવું. ખાલી રહેલ સીટો તથા અન્ય વિગતવાર માહિતી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ની વેબસાઇટ (www.jau.in) પર મુકવામાં આવેલ છે. વખતો વખતના જરૂરી ફેરફાર હવે પછીથી યુનિવર્સિટીની વેબસાઇટ પર જ મુકવામા આવશે. જેની નોંધ લેવી.

માહિતી/જુના/જા.ખ./694/25

આચાર્ય અને ડીન

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

**ધોરણ–૧૨ (વિજ્ઞાન પ્રવાહ)પછીના સ્નાતક કક્ષાના કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી મહાવિધાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢમાં પ્રવેશ માટેનો ઓપન રૂબરૂ કાઉન્સેલીંગ કાર્યક્રમ**

**શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬**

ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં કોમન પ્રવેશનાં ટેલીફોન કાઉન્સેલીંગ બાદ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી મહાવિધાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢમાં સીટ ખાલી રહેવા પામેલ છે.

ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)માં નિયત લાયકાત ધરાવતા નિયમિત રીતે અથવા પુરક પરીક્ષામાં ઉર્તિણ થયેલ પ્રવેશ ઇચ્છુક વિધાર્થીઓએ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી હસ્તકની કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી મહાવિધાલય, જૂનાગઢમાં ખાલી રહેલ બેઠકોમાં પ્રવેશ મેળવવા **તારીખ ૧૭/૧૦/૨૦૨૫ના રોજ સવારે ૦૮–૦૦ કલાકે સ્થળ: સેમીનારહોલ, કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી મહાવિધાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢમાં** પર અચૂક હાજર રહેવાનું રહેશે. રીપોર્ટીંગ સમય **(૦૮–૦૦ થી ૦૯–૦૦ કલાક સુધીમાં).**

**તા. ૧૩/૧૦/૨૦૨૫ ની ખાલી રહેલ બેઠોકોની સ્થિતી નીચે મુજબ છે.**

| Gujarat Board | | | | | OTHER BOARD |
|---|---|---|---|---|---|
| UR/GENERAL | SC | ST | SEBC | EWS | |
| - | 04 | 04 | - | - | - |

વધુમાં ઉમેદવારો દ્વારા કાઉન્સેલિંગના સ્થળે આપવામાં આવેલ અરજી ફોર્મ તેમજ અરજી ફોર્મ સાથે જોડેલ પ્રમાણપત્રોના (એક નકલ સાથે રાખવી) આધારે મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. સદર મેરીટ યાદીના આધારે રૂબરૂ કાઉન્સેલીંગ યોજવામાં આવશે.

વધુમાં ચાલુ વર્ષની ગુજકેટ-૨૦૨૫ પરીક્ષા આપેલી હોય તથા General, EWS, SEBC ના વિધાર્થીઓ માટે ફીઝીકસ, કેમેસ્ટ્રી અને બાયોલોજી/મેથ્સ વિષયના કુલ ૧૨૦ માર્કસ (ગ્રેસીંગ સિવાયના) તથા SC અને STના વિધાર્થીઓ માટે ફીઝીકસ, કેમેસ્ટ્રી અને બાયોલોજી/મેથ્સ કુલ ૧૦૫ માર્કસ (ગ્રેસીંગ સિવાયના) હોય તેવા વિધાર્થીઓ પ્રવેશ માટે લાયક ગણાશે.

ફીઝીકસ, કેમેસ્ટ્રી અને બાયોલોજી/મેથ્સ વિષયના ૬૦% તથા ગુજકેટ ૪૦% (૬૦:૪૦) મુજબ મેરીટ યાદી બનાવવામાં આવશે, જે સર્વે વિધાર્થીઓ/વાલીઓની જાણ અર્થે. પ્રવેશ મેળવેલ વિધાર્થીઓએ કાઉન્સેલિંગ સ્થળે જરૂરી ફી (ડીપોઝીટ સહીત) ડેબીટ કાર્ડ/ક્રેડીટ કાર્ડ/નેટ બેંકીંગ/યુ.પી.આઇ. આઇ. ડી (ગુગલ પે, ફોન પે વગેરે) દ્વારા જ ભરી શકાશે. વિધાર્થીઓ માટે ૧૩૭૦૦/- અને વિધાર્થીનીઓ માટે ૮૭૦૦/-)

- રૂબરૂ કાઉન્સેલિંગનાં નિયત કરેલ સમય (૦૯-૦૦ કલાક પછી) કરતાં મોડા આવનાર વિધાર્થીઓને જે તે સમયે ઉપલબ્ધ ખાલી બેઠકો ઉપર મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવશે.
- ખાલી બેઠકો ભર્યા બાદ એડમીશન પ્રક્રિયા પૂર્ણ કરી દેવામા આવશે .
- રૂબરૂ પ્રવેશ માટે આવેલ તમામ ઉમેદવારોને પ્રવેશ મળશે જ તે અંગેની ખાતરી પ્રવેશ સમિતિ આપતી નથી.
- રૂબરૂ કાઉન્સેલિંગ માટે વિધાર્થીઓ / વાલીઓએ સ્વ-ખર્ચે હાજર રહેવાનું રહેશે.
- જરૂરી તમામ પ્રમાણપત્રોની એક નકલ સાથે લાવવી.

**કાઉન્સેલિંગનું સ્થળ સમય અને તારીખ નીચે મુજબ છે.**

**તારીખ :–** ૧૭/૧૦/૨૦૨૫

**રીપોર્ટીંગ સમય :–** સવારે ૦૮:૦૦ થી ૦૯: ૦૦ કલાક સુધી.

**કાઉન્સેલીંગનું સ્થળ :–** સેમીનાર હોલ, કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી મહાવિધાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ